આવક વધારવા 200 કરોડના 'બ્લ્યુ મ્યુનિસિપલ બોન્ડ' અને સરકારી પ્લોટ્સની હરાજી દ્વારા 300 કરોડ મેળવવાનું આયોજન

# વડોદરા મહાનગરપાલિકાનું 7,609 કરોડનું 'વિકાસલક્ષી' બજેટ રજૂ

**પાછલા દાયકાની સરખામણીએ વિકાસ કામોના ખર્ચમાં બમણો ઉછાળો**

**ચાલુ વર્ષે 1,800 કરોડ ચૂકવવાનો લક્ષ્યાંક**

(પ્રતિનિધિ), વડોદરા. તા.17

વડોદરા મહાનગરપાલિકાની સામાન્ય સભામાં આજે સ્થાયી સમિતિના ચેરમેન ડૉ. શીતલ મિસ્ત્રીએ વર્ષ 2026-27નું ડ્રાફ્ટ બજેટ અને વર્ષ 2025-26નું રિવાઈઝ્ડ બજેટ રજૂ કર્યું હતું. મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ દ્વારા રજૂ કરાયેલા કરવેરાના ભારણ વિનાના આ બજેટને મંજૂરી આપતા ચેરમેને શહેરના સર્વાંગી વિકાસ માટે 'વિઝન 2047'નો એક્શન પ્લાન રજૂ કર્યો હતો. સ્થાયી સમિતિ ચેરમેને બજેટમાં મહત્વકાંક્ષી લક્ષ્ય રજૂ કરતા જણાવ્યું હતું કે, આગામી પાંચ વર્ષમાં વડોદરાને સંપૂર્ણપણે ઝૂંપડપટ્ટી મુક્ત બનાવવામાં આવશે. આ ઉપરાંત, શહેરમાં નવા ભળેલા વિસ્તારોમાં પાયાની સુવિધાઓને પ્રાધાન્ય આપવા સાથે મનોરંજન માટે 'એક્વાટિક પાર્ક' બનાવવાનું પણ આયોજન છે. શહેરને પ્રદૂષણ મુક્ત બનાવવા માટે ઈ-બસની સુવિધા શરૂ કરવામાં આવશે.

હવાની ગુણવત્તા સુધારવા માટે 'સ્મોગ ગન'નો ઉપયોગ અને છ મુખ્ય રોડ કોરિડોર પર મોટા પાયે વૃક્ષારોપણ કરવામાં આવશે. શહેરના ચાર મુખ્ય પ્રવેશદ્વારો પર આકર્ષક ગેટ અને ગૌરવ પથ બનાવવામાં આવશે. વિશ્વામિત્રી નદીના સંદર્ભમાં 'ક્રોકોડાઈલ ઓબ્ઝર્વેશન ઝોન' અને સેવાસી, ભાયલી તથા છાણી ખાતે 'કેનાલ ફ્રન્ટ પાર્ક' વિકસાવવાની જાહેરાત કરવામાં આવી છે. વરિષ્ઠ નાગરિકો અને બાળકો માટે ખાસ સુવિધાયુક્ત પાર્ક બનાવવાની પણ જોગવાઈ બજેટમાં કરવામાં આવી છે.



## આશિષ જોષીનો તિરંગા મુદ્દે વિવાદ ઉભો કરવાના પ્રયાસ સામે ભાજપના સભ્યો ઘેરી વળ્યા

મહાનગરપાલિકામાં જ્યારે શહેરના ભવિષ્ય અને 7,609 કરોડના વિકાસલક્ષી બજેટ પર ગંભીર ચર્ચા ચાલી રહી હતી, ત્યારે પૂર્વ વિસ્તારના કોર્પોરેટર આશિષ જોષીએ હંમેશની આદત મુજબ સભામાં વિઘ્ન સંતોષી બની હોબાળો મચાવ્યો હતો. વિકાસના કામોમાં રચનાત્મક સૂચનો આપવાને બદલે આશિષ જોષીએ રાષ્ટ્રના પ્રતીક એવા 'તિરંગા'ના ખર્ચ સામે સવાલો ઉઠાવીને સભાનું વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કર્યો હતો, જેને પગલે સમગ્ર સભામાં ભારે અફરાતફરી મચી ગઈ હતી.સભામાં આશિષ જોષીએ એવો વિવાદાસ્પદ મુદ્દો છેડ્યો હતો કે જ્યારે વડાપ્રધાન કે અન્ય નેતાઓ વડોદરા આવે છે ત્યારે તિરંગા અને ભગવા ઝંડા પાછળ થતો ખર્ચ ટેક્સના નાણાંનો વેડફાટ છે. રાષ્ટ્રધ્વજને ખર્ચ અને વેડફાટ સાથે સરખાવતા જ સત્તાધારી પક્ષના કાઉન્સિલરોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો. સભ્યોએ આકરા શબ્દોમાં જણાવ્યું હતું કે, "તિરંગો એ દરેક ભારતીયનું ગૌરવ છે અને તેના પર આવી હલકી ટિપ્પણી કરવી એ રાષ્ટ્રધ્વજનું અપમાન છે." આશિષ જોષીએ સભાની ગરિમા જાળવવાને બદલે માત્ર પ્રસિદ્ધિ મેળવવા માટે જ આવા નિવેદનો કર્યા હોય તેવું જણાઈ આવતું હતું. સત્તાધારી પક્ષે તેમની પાસે તાત્કાલિક માફીની માંગણી કરી હતી. સભામાં પોતાનું મંતવ્ય રજૂ કરવાના બહાને આશિષ જોષીએ પાલિકાની આવક અને વહીવટ પર પણ પ્રશ્નો ઉભા કર્યા હતા. તેમણે મોબાઈલ ટાવરની સંખ્યા, મુક્ત જ્વેલર્સના વેરા વસૂલાત અને ઈ-ટોયલેટ જેવી બાબતોમાં ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા હતા. આ બાબતોમાં પુરાવા આપવાને બદલે સભામાં વિવાદ ઉભો કરી મેયર-કમિશનરનું ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કર્યો હોવાનું સત્તાધારી પક્ષના સભ્યોએ જણાવ્યું હતું.

### નવી નીતિઓ દ્વારા સુદ્રઢ શાસન

વડોદરા શહેરના સુવ્યવસ્થિત વિકાસ માટે પાલિકા દ્વારા અનેક નવી પોલિસીઓ જાહેર કરવામાં આવી છે

**પાર્કિંગ અને એન્ક્રોચમેન્ટ પોલિસી:** ટ્રાફિક સમસ્યા નિવારવા માટે તેમજ અતિક્રમણ હટાવવા માટે પણ પોલિસી બનાવાશે

**એનિમલ બર્થ કંટ્રોલ અને કેટલ ન્યુસન્સ કંટ્રોલ:** શહેરમાં રખડતા ઢોર અને પ્રાણીઓના ત્રાસ સામે.

**ગ્રીન સીટી ઈનીસીએટીવ:** અર્બન ગ્રીનિંગ અને રેઈન વોટર હાર્વેસ્ટિંગ પર ભાર.

**મહિલા સુરક્ષા:** શહેરમાં 'પિંક ટોયલેટ', 'પિંક ફીડિંગ રૂમ' અને મહિલા-યુથ હોસ્ટેલનું નિર્માણ.

**આર્થિક અને ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા ।** 14 મેગાવોટના સોલાર પ્રોજેક્ટ દ્વારા વીજ બિલમાં ઘટાડો કરી ટકાઉપણું વધારાશે. પીપીપી (PPP) મોડ પર કન્વેન્શન સેન્ટર અને ગ્રીન કન્સ્ટ્રક્શન શોપ દ્વારા આર્થિક વિકાસને વેગ અપાશે.વેરા બિલમાં QR કોડની સુવિધા અપાશે જેથી નાગરિકો સરળતાથી ટેક્સ ભરી શકે.

### વાહનચાલકોને ટ્રાફિકમાંથી મુક્તિ

શહેરના અત્યંત વ્યસ્ત ગણાતા લાલબાગથી જેલ રોડ સુધીના માર્ગ પર ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે પાલિકા દ્વારા એલીવેટેડ કોરિડોર બનાવવાનું આયોજન હાથ ધરાયું છે. બજેટ રજૂ કરતા સ્થાયી સમિતિ ચેરમેને જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ માટે ટૂંક સમયમાં સર્વે અને ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવાની કામગીરી શરૂ કરવામાં આવશે.

### પ્રોજેક્ટ્સના ઝડપી અમલીકરણ માટે તેના સતત મોનિટરિંગ કરાશે

ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં કુલ 1800 કરોડ ચૂકવવાનો લક્ષ્યાંક છે. વર્ષ 2025માં સ્થાયી સમિતિ દ્વારા અંદાજે 2000 કરોડથી વધુના કામો મંજૂર કરવામાં આવ્યા છે. ચેરમેનના જણાવ્યા અનુસાર, હવે પ્રોજેક્ટ્સના ઝડપી અમલીકરણ માટે તેના સતત મોનિટરિંગ પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવશે.

શિવરાત્રી નિમિત્તે ઉમટેલી મોટી ભીડનો લાભ લઇને ટોળકી ખેલ પાડ્યો હતો

# શિવજી કી સવારીમાં દાગીના-મોબાઈલ ચોરનાર મહિલાઓ સહિતની ગેંગ ઝડપાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.17

વડોદરા શહેરમાંથી તાજેતરમાં મહાશિવરાત્રી નિમિત્તે ભવ્ય શિવજી કી સવારી ભારે ધામધૂમ પૂર્વક નીકળી હતી. ત્યારે આ યાત્રામાં મોટી સંખ્યામાં શિવ ભક્તિ શિવ પરિવારના દર્શન કરવા માટે ઉમટ્યા હતા. ત્યારે ભીડનો લાભ લઈને લોકોના સોનાના દાગીના અને મોબાઈલની ચોરી કરવા માટે એક ગેંગ અન્ય જિલ્લામાંથી વડોદરા આવી હતી. દરમિયાન નિઝામપુરા વિસ્તારની મહિલાના ગળામાંથી રૂપિયા 1.45 લાખની સોનાની ચેન ની લાભ લઈને કોઈ ચોરી કરી ગયું હતું. જેની ફરિયાદ વાડી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. તપાસ દરમિયાન ક્રાઈમ બ્રાંચને માહિતી મળી હતી કે, શિવજી કી સવારીમાં મહિલા સહિત છ આરોપીઓની ગેંગ દર્શન કરવા માટે આવેલા મહિલા સહિતના લોકોના ગળામાંથી ઘણા લોકોની સોનાની ચેન અને મોબાઈલ ચોરાયા છે જેમાં બાતમી મળી હતી કે મહીલા અને પુરૂષોની ગેંગ વારશિયા રીંગ રોડ સવાદ કવાર્ટસના નાકા પાસે રોડની સાઈડમાં બે ઓટો રીક્ષામાં સ્ત્રી અને પુરૂષો મળી 6 આરોપીને શંકાસ્પદ હાલતમાં ઝડપી પાડ્યા હતા.

ક્રાઈમ બ્રાન્ચે આરોપીને સોનાની ચેઈન, મોબાઈલ ફોનના બીલ તથા ઓટોરીક્ષાના પેપર્સ બાબતે પુછતા તેઓએ બીલ પેપર્સ નહી હોવાનુ જણાવી મુદ્દામાલ બાબતે સચોટ માહીતી નહી આપી ઉડાઉ જવાબ આપતા હતા. જેથી તેઓની કડકાઈથી પુછપરછ કરવામાં આવતા તેઓએ રીક્ષાઓમાં પાલનપુરથી વડોદરા આવી શિવજી કી સવારી યાત્રામાં ભીડનો લાભ લઇ ગળામાં સોનાની ચેઈન પહેરેલી હોય તેવી મહીલાની નજર ચુકવી તેમના ગળામાંથી કટર વડે સોનાની ચેઈન કાપી તરત જ ત્યાં હાજર સાગરીતને આપી હતી. પોલીસે એક સોનાની ચેઈન નંગ રૂ.1.45 લાખ, લોખંડની કટર નંગ 3, મોબાઈલ ફોન -05 રૂ.16 હજાર તથા ઓટોરીક્ષા 2 રૂ.3 લાખ મળી રૂ.4.61 લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે.

### પકડાયેલ આરોપીઓ

સાગર બાબુ પરમાર, બાદલ જગદીશ કોળી, સુરજ બાબુલાલ ડાભી, સુખદેવ લક્ષ્મણ કોળી, નિદીયાબેન બાબુ પરમાર, બબીતાબેન ધનસીંગ કોળી તમામ રહે. (રહે.માનસરોવર ફાટક, ખોડીયારનગર, પાલનપુર જી.બનાસકાંઠા)ને ઝડપી પાડ્યા છે.

વાતાવરણમાં પ્રદૂષણ અને ધૂળના રજકણોએ મુશ્કેલી વધારી

# શહેરમાં ઠંડી-ગરમીની બેવડી ઋતુ : વાયરલ ઈન્ફેક્શનનો કહેર, SSGની OPDમાં વધારો

(પ્રતિનિધિ), વડોદરા. તા.17

વડોદરામાં છેલ્લા એક અઠવાડિયાથી વાતાવરણના મિજાજમાં વિચિત્ર પલટો જોવા મળી રહ્યો છે. શહેરીજનો હાલમાં 'બેવડી ઋતુ'નો અનુભવ કરી રહ્યા છે. વહેલી સવારે અને મોડી રાત્રે ગુલાબી ઠંડીનો અહેસાસ થાય છે, જ્યારે બપોર પડતા જ સૂર્યનારાયણ આકરા પાણીએ જોવા મળે છે. તાપમાનમાં આવતા આ અચાનક ઉતાર-ચઢાવને કારણે વડોદરાવાસીઓના સ્વાસ્થ્ય પર માઠી અસર પડી રહી છે. ખાસ કરીને શરદી, ખાંસી અને ગળામાં ઈન્ફેક્શનના કેસોમાં દિન-પ્રતિદિન વધારો જોવા મળી રહ્યો છે. સયાજી હોસ્પિટલની દૈનિક OPDમાં સામાન્ય દિવસો કરતા 5 થી 7 ટકા સુધીનો વધારો નોંધાયો છે. ડૉક્ટરોના નિરીક્ષણ મુજબ, આ વખતે દર્દીઓમાં માત્ર શરદી જ નહીં પરંતુ 'થ્રોટ ઈન્ફેક્શન' (ગળામાં દુખાવો) અને સૂકી ખાંસીના કેસો વધુ જોવા મળી રહ્યા છે. પ્રદૂષિત હવા અને બદલાતા તાપમાનને કારણે બેક્ટેરિયલ અને વાયરલ ઈન્ફેક્શન સીધું ગળા પર અસર કરી રહ્યું છે, જેના કારણે દર્દીઓને ગળવામાં તકલીફ પડવી જેવી સમસ્યાઓ થઈ રહી છે. સયાજી હોસ્પિટલના RMO એ જણાવ્યું હતું કે, ઘણા લોકો સામાન્ય શરદી સમજીને મેડિકલ સ્ટોર પરથી જાતે જ એન્ટીબાયોટીક્સ દવાઓ લેતા હોય છે, જે નુકસાનકારક સાબિત થઈ શકે છે.



### તાપમાનમાં મોટા તફાવતને કારણે વાયરલ લોડ વધ્યો

હાલમાં જે રીતે ઋતુ બદલાઈ રહી છે અને તાપમાનમાં મોટો તફાવત જોવા મળી રહ્યો છે, તેના કારણે વાયરલ લોડ વધ્યો છે. વધુમાં, વાતાવરણમાં વધેલા પ્રદૂષણ અને ધૂળના રજકણોને લીધે શ્વસનતંત્રને લગતી સમસ્યાઓ વધી છે. **ડો. હિતેન્દ્ર ચૌહાણ,** સયાજી હોસ્પિટલના RMO

100 બેન્ચ, નવા સેમિનાર હોલ માટે 80 ખુરશી તથા 35 ડેસ્કટોપ કમ્પ્યુટર્સનું દાન

# MSUની ટેકનોલોજી & એન્જિનિયરિંગમાં MSC પ્રયોગશાળાનું નવીનીકરણ કરાયું

( પ્રતિનિધિ ) વડોદરા,તા.17

મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીની ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગના એપ્લાઈડ કેમિસ્ટ્રી વિભાગમાં સન ફાર્માની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી પહેલ હેઠળ નવીનીકૃત એમએસસી પ્રયોગશાળાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. રૂ. 40 લાખના ઈન-કાઈ યોગદાનથી વિકસિત આ આધુનિક પ્રયોગશાળા શૈક્ષણિક માળખાકીય સુવિધાઓને મજબૂત બનાવવા તેમજ ઉદ્યોગ-શૈક્ષણિક સહકારને પ્રોત્સાહન આપવા દિશામાં એક મહત્વપૂર્ણ માઈલોન સાબિત થઈ છે. નવીનીકરણ પ્રક્રિયાની શરૂઆત વિભાગના 2001 બેચના ગૌરવશાળી ભૂતપૂર્વ વિદ્યાર્થી પિયુષ પારેખ મેનેજર - આરએન્ડડી, એડીએલ વિભાગ, સન ફાર્માની મુલાકાતથી થઈ હતી. જેમણે વિભાગની દાયકાઓ જૂની પ્રયોગશાળાને આધુનિક બનાવવાની તાત્કાલિક જરૂરિયાત પર ધ્યાન દોર્યું હતું. ઉદ્ઘાટન સમારોહમાં ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગના ડીન પ્રો. ધનેશ પટેલ, સન ફાર્માના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને આરએન્ડડી હેડ પ્રશાંત કાણે, વાઈસ પ્રેસિડેન્ટ ફોર્મ્યુલેશન આરએન્ડડી તથા સીએસઆર કમિટીના અધ્યક્ષ ડો. અજય ખોપડે, મેનેજર - આરએન્ડડી એનલિટિકલ ડેવલપમેન્ટ અને સીએસઆર ટીમના સક્રિય સભ્ય હાર્દિક ભટ્ટ તથા એપ્લાઈડ કેમિસ્ટ્રી વિભાગના વડા ડો. સી. કે. મોદી મંચ પર ઉપસ્થિત રહ્યા હતા. નવીનીકૃત પ્રયોગશાળાનું વિધિવત્ ઉદ્ઘાટન પ્રશાંત કાણે, ડો. અજય ખોપડે, પ્રો. ધનેશ પટેલ અને ડો. સી. કે. મોદીના હસ્તે કરવામાં આવ્યું. મોડયુલર ફર્નિચર, નવીનતમ સુવિધાઓ, સુવ્યવસ્થિત ડ્રેનેજ સિસ્ટમ અને આધુનિક સુરક્ષા વ્યવસ્થાઓથી સજ્જ આ પ્રયોગશાળા હવે વિદ્યાર્થીઓને અદ્યતન અને સુરક્ષિત સંશોધનમય વાતાવરણ પ્રદાન કરશે.



પ્રયોગશાળાના નવીનીકરણ ઉપરાંત સન ફાર્માએ 100 બેન્ચ, નવા સેમિનાર હોલ માટે 80 ખુરશીઓ તથા 35 ડેસ્કટોપ કમ્પ્યુટરોનું દાન આપી વિભાગની શૈક્ષણિક અને ડિજિટલ સુવિધાઓને વધુ મજબૂત બનાવી છે. કુલપતિ પ્રોફ. ભાલચંદ્ર ભણગે એ આ મહત્વપૂર્ણ CSR પહેલ બદલ હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

## શહેરના વ્યસ્ત માર્ગો પર સળિયા ઘસડતા ટ્રેક્ટર




■ વડોદરા શહેરના અતિ વ્યસ્ત એવા એરપોર્ટ સર્કલથી ખોડિયાર નગર તરફના રસ્તા પર જોખમીરીતે સળિયા લઇ જતું ટ્રેક્ટર કદાચ શહેરની વ્યસ્ત પોલીસની નજરમાંથી ચૂકી ગયુ હશે, બાકી નાગરિકોને દંડનો કોરડો વિઝંતી ટ્રાફિક પોલીસ તેમજ સર્વેલન્સ ટીમ દંડની વસૂલાત તો કરતી જ રહે છે.

લાઈટો ગુલ થતા રહીશો પાણી અને વીજળી વિના મુશ્કેલીમાં મૂકાયા

# બાલાજી પોઈન્ટના વીજ મીટરોમાં આગ ભભૂકતાં લોકોમાં ફફડાટ

(પ્રતિનિધિ), વડોદરા. તા.17

વડોદરામાં ગરમીનો પારો વધવાની સાથે સાથે આગ લાગવાના બનાવોમાં પણ વધારો થયો છે. મધરાતત્રીએ શહેરના સંગમ ચાર રસ્તા તરફ જતા રોડ પર આવેલા બાલાજી પોઈન્ટ એપાર્ટમેન્ટના વીજ મીટરમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગતા અંધારપટ છવાઈ ગયું હતું. લોકોમાં ફફડાટ ફેલાયો હતો. સદ નસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. જોકે લાઈટો ગુલ થતા લોકો ગરમીમાં મુશ્કેલીમાં મૂકાયા હતા.



વડોદરા શહેરના હરણી રોડ પર બાલાજી પોઈન્ટ એપાર્ટમેન્ટમાં મધરાત્રીએ આગ લાગવાની ઘટના બની હતી. વીજ મીટરોમાં શોર્ટ સર્કિટ થયા બાદ ધડાકા સાથે આગ ભભૂકી ઉઠી હતી. મોટો અવાજ થતા લોકો ત્વરિત બહાર દોડી આવ્યા હતા. બીજી તરફ વીજ મીટરોમાં આગ લાગતા લાઈટો ગુલ થઈ હતી. જેના કારણે 48 મકાનોમાં અંધારપટ છવાઈ ગયો હતો. લોકોમાં પણ ભારે ફફડાટ ફેલાયો હતો. બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડના જવાનો સ્થળ પર દોડી આવ્યા હતા અને આગ પર કાબુ મેળવ્યો હતો. સદ નસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે આગ પર કાબુ મેળવ્યા બાદ કલાકો સુધી વીજ પુરવઠો કાર્યરત નહીં થતા રહીશો પાણી અને વીજળી વિના મુશ્કેલીમાં મૂકાયા હતા અને ત્વરિત વીજ પુરવઠો કાર્યરત કરવા માંગણી કરી હતી. જ્યારે આ આગની ઘટનામાં વીજ મીટરો સાથે કોમ્પ્લેક્સનું વાયરિંગ બળીને ખાખ થઈ ગયું હતું.

લાઈટો ગુલ થતા રહીશો પાણી અને વીજળી વિના મુશ્કેલીમાં મૂકાયા

# ફિઝિકલ આઈકાર્ડની માંગ સાથે ABVPની કોમર્સ ડીનને રજૂઆત

(પ્રતિનિધિ), વડોદરા. તા.17

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના કોમર્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓને ફિઝિકલ આઈકાર્ડ હજી સુધી આપવામાં નહીં આવતા બહારના તત્વોની પણ ફેકલ્ટીમાં એન્ટ્રી થઈ રહી છે. જેથી વિદ્યાર્થી સંગઠન અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ફેકલ્ટી ડીનને રજૂઆત કરવામાં આવી હતી. વિશ્વવિખ્યાત વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની કોમર્સમાં છેલ્લા કેટલાય સમયથી વિદ્યાર્થીઓને ફિઝિકલ આઈકાર્ડ આપવામાં આવ્યા નથી. જેથી ફેકલ્ટી બહારના વિદ્યાર્થીઓ અને અસામાજિક તત્વો ફેકલ્ટીમાં પ્રવેશ કરે છે. જેના પગલે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા સુત્રોચાર સાથે કોમર્સ ફેકલ્ટીના ડીનને આવેદનપત્ર આપી કોમર્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓને ફિઝિકલ આઈકાર્ડ આપવા રજૂઆત કરવામાં આવી હતી. વિદ્યાર્થી આગેવાનોએ જણાવ્યું હતું કે ફેકલ્ટીમાં બહારના તત્વો અવારનવાર આવીને અસામાજિક હરકતો કરવામાં આવે છે. તો તેની પર રોક લગાવવામાં આવે જેને લઈને કોમર્સ ફેકલ્ટીના ડીનને રજૂઆત કરી હતી અને ફિઝિકલ આઈકાર્ડ આપ્યા બાદ તેનું દરેક ગેટ પર ચેકીંગ થાય તેનું ધ્યાન રાખવા જણાવ્યું હતું.



નશામાં ધૂત થાર ચાલકનો આતંક, ગાડી ડિવાઈડર પર ચઢાવી, લોકોમાં ફફડાટ

# ખાખીની રહેમનજર કે ચાલકની હિંમત? થાર ગાડીના અકસ્માતોથી વડોદરા થથર્યુ

(પ્રતિનિધિ), વડોદરા. તા.17

વડોદરાના માર્ગો પર ફરી એકવાર બેફામ ગતિ અને નશાના કારણે અકસ્માતની ઘટના સામે આવી છે. શહેરના ગોત્રી હોસ્પિટલથી નટુભાઈ સર્કલ તરફ જવાના મુખ્ય માર્ગ પર બ્રીજ ઉતરતા નશામાં ધૂત થાર ગાડીના ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવી ગાડી સીધી ડિવાઈડર પર ચઢાવી દીધી હતી. સદનસીબે આ ઘટનામાં મોટી જાનહાનિ ટળી છે, પરંતુ વારંવાર બનતી આવી ઘટનાઓને કારણે નગરજનોમાં રોષ અને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. મળતી માહિતી મુજબ, મોડી રાત્રે એક થાર ગાડીના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને પૂરઝડપે આવતી ગાડી ડિવાઈડર સાથે અથડાઈને તેના પર ચઢી ગઈ હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ચાલક નશાની હાલતમાં હોવાનું જણાયું હતું. અકસ્માત એટલો જોરદાર હતો કે ડિવાઈડર તોડી નાખ્યું હતું અને ગાડીને પણ નુકશાન થયું હતું. વડોદરામાં છેલ્લા કેટલાક સમયથી 'થાર' ગાડીના ચાલકો દ્વારા જોખમી ડ્રાઈવિંગ અને સ્ટંટના કિસ્સાઓ વધી રહ્યા છે. સ્થાનિક રહીશોનું કહેવું છે કે, રાત્રિના સમયે વૈભવી ગાડીઓના ચાલકો રસ્તાઓને રેસિંગ ટ્રેક સમજી બેસે છે. પોલીસના પેટ્રોલિંગ છતાં આવા તત્વોને કાયદાનો કોઈ ડર રહ્યો નથી. માસૂમ રાહદારીઓ અને અન્ય વાહનચાલકોના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે. અત્યારે સૌથી મોટો સવાલ એ છે કે શું પોલીસ આ મામલે કડક વલણ અપનાવશે ? અગાઉના કિસ્સાઓમાં પણ પકડાયેલા ચાલકો સામે ટૂંકા ગાળાની કાર્યવાહી બાદ મામલો શાંત પડી જતો હોય છે. શું આ વખતે પોલીસ દાખલો બેસાડતી કાર્યવાહી કરીને ચાલકનું લાયસન્સ રદ કરશે કે કેમ, તે જોવું રહ્યું.



## બોર્ડની પરીક્ષા અન્વયે પો.કમિશનરની અધ્યક્ષતામાં સંકલનની બેઠક મળી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.17

સીબીએસઈ અને ગુજરાત બોર્ડની પરીક્ષાઓને લઈને વડોદરા શહેર પોલીસ વિભાગ પણ સજ્જ બન્યું છે. શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની અધ્યક્ષતામાં પોલીસ ભુવન ખાતે સંકલનની બેઠક મળી હતી. જેમાં જિલ્લા શિક્ષણ અધિકારી શાળાના સંચાલક પ્રિન્સિપાલ અને આગેવાનો હાજર રહ્યા હતા. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન સીબીએસઈની પરીક્ષાઓનો પ્રારંભ થઈ ગયો છે. તા.26 થી ધોરણ 10 અને 12ની પરીક્ષાનો 188 પરીક્ષા કેન્દ્રોમાં યોજાશે. મંગળવારે વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની અધ્યક્ષતામાં પોલીસ ભુવન ખાતે સંકલન બેઠકનું આયોજનકરાયું હતું. જેમાં અધિક પોલીસ કમિશનર ડો.લીના પાટીલ, નાયબ પોલીસ કમિશનરો, મદદનીશ પોલીસ કમિશનરો તથા જિલ્લા શિક્ષણ અધિકારી વડોદરા શહેર તેમજ શાળાના સંચાલકો પ્રિન્સિપાલો અને આગેવાનો હાજર રહ્યા હતા.

ખોડિયાર નગર વિસ્તારમાં ફાયર ફાઈટરોનું દિલધડક રેસ્ક્યુ

# અર્થ આઈકોન કોમ્પ્લેક્સમાં આગ લાગતા અફરાતફરી



(પ્રતિનિધિ), વડોદરા. તા.17

શહેરના ખોડીયાર નગર ચાર રસ્તા પાસે આવેલા જાણીતા બિઝનેસ સેન્ટર 'અર્થ આઈકોન' માં આજે અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બહુમાળી બિલ્ડિંગમાં લાગેલી આ આગને પગલે ઉપર આવેલા થિયેટરમાં ફસાયેલા અંદાજે 200 થી 250 જેટલા લોકોના જીવ તાળવે ચોંટ્યા હતા, જોકે ફાયર બ્રિગેડની સતર્કતાને કારણે તમામનું સુરક્ષિત રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ, આગની શરૂઆત બિલ્ડિંગના બેઝમેન્ટમાં આવેલી મુખ્ય ઈલેક્ટ્રિક પેનલમાંથી થઈ હતી. આ પેનલ બેઝમેન્ટથી લઈને ટોપ ફ્લોર સુધી કનેક્ટેડ હોવાથી ધુમાડો અને આગની જ્વાળાઓ ઉપરના માળ સુધી ઝડપથી પ્રસરી ગઈ હતી. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આ દુર્ઘટના બની હોવાનું માનવામાં આવી રહ્યું છે. આ ઘટનાને પગલે વહીવટી તંત્ર દ્વારા બિલ્ડિંગની ફાયર સેફ્ટી સિસ્ટમ કાર્યરત હતી કે નહીં તે દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે.